ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G



મહાઆરતીમાં માનવ મહેરામણ - ગાંધીનગર કલ્ચરલ ફોરમ આયોજીત નવરાત્રિ મહોત્સવના આઠમના દિવસે દર વર્ષની જેમ આ વર્ષે પણ 'મહાઆરતી'નું આયોજન કરવામાં આવ્યું હતું. આઠમના દિવસે ગાંધીનગર કલ્ચરલ ફોરમ આયોજીત ગરબાના પ્રાંગણમાં માનવ મહેરામણ ઉમટ્યુ હતું. આ પ્રસંગે ગુજરાત રાજ્યના રાજ્યપાલ મહામહિમ્ શ્રી ઓ.પી. કોહલી ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને મહાઆરતીમાં જોડાયા હતા. રાજ્યપાલશ્રી કલ્ચરલ ફોરમના ગરબા આયોજન અને મહાઆરતીના આયોજનથી અલૌકિક આનંદનો અનુભવ કર્યો હતો.

(તસવીર : દિપક જાની)

# પલ્લીના મેળાનો પ્રારંભ : લાખો માઈભક્તો ઉમટયા

**સાંજે પાંચ વાગ્યા સુધીમાં જ બે લાખ જેટલા લોકો માતાના દર્શન કરી ચુકયા : અંદાજ મુજબ ૮ લાખ લોકો આ મેળામાં ભાગ લેશે – મધ્યરાત્રિએ પલ્લીની પૂજા અર્ચના પછી પલ્લીની યાત્રાનો પ્રારંભ થશે અને પરંપરાગત રૂટ પરથી પસાર થઈ વહેલી સવારે તે નિજ મંદિરે પહોંચશે.**

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર જિલ્લાનો પ્રસિધ્ધ રૂપાલની પલ્લીના મેળાનો આજે સવારથી જ આરંભ થયો છે. આ મેળામાં સાંજે પાંચ વાગ્યા સુધીમાં જ બે લાખ જેટલા લોકો માતાના દર્શન કરી ચુકયા છે.

ગાંધીનગર જિલ્લાના રૂપાલ ખાતે યોજાતા વરદાયિની માતાના પલ્લીના મેળાનો ધાર્મિક ગ્રંથોમાં પણ ઉલ્લેખ થયેલો છે. મેળાનો આજે પરંપરાગત રીતે પ્રારંભ થયો છે.


માતાની પલ્લીના રથ પર ઘીનો અભિષેક થતો હોય છે. માઈ ભકતોને શુધ્ધ ઘી મળી રહે તે માટે તંત્ર એ પણ આ વખતે ડેરીના સત્તાવાળાઓનો સંપર્ક કરી અને ખાસ સ્ટોલ્સ ઉભા કરાવ્યા છે. જો કે આજે બપોર બાદ ખોરાક અને ઔષધ નિયમન તંત્રની બે ટીમોએ નકલી ઘીની અફવાના પગલે તપાસનો દોર આરંભ્યો છે. પરંતુ કયાંયથી આવું ઘી નહિ મળ્યાનું જાણવા મળેલ છે.

નવરાત્રિના છેલ્લા નોરતે યોજાતા આ મેળાનું જીવંત પ્રસારણ આસપાસના ૮ ગામોમાં કરવામાં આવી રહ્યું છે. આજે નોમ અને દશેરા એક સાથે હોવાથી લોકો બપોર પછી મેળામાં ભાગ લેવા મોટી સંખ્યામાં જોડાયા હતા.

તંત્રના અંદાજ મુજબ ૮ લાખ લોકો આ મેળામાં ભાગ લેશે. તંત્ર એ કોઈ પણ પરિસ્થિતિને પહોંચી વળવા માટે પૂરતા પગલાં લીધા છે તેમજ બધી જ વ્યવસ્થાઓ ઉભી કરી છે.

મધ્યરાત્રિએ પલ્લીની પૂજા અર્ચના પછી પલ્લીની યાત્રાનો પ્રારંભ થશે અને પરંપરાગત રૂટ પરથી પસાર થઈ વહેલી સવારે તે નિજ મંદિરે પહોંચશે.

તંત્ર એ ચાર જગ્યાએ ખાસ મેડીકલ પોઈન્ટ બનાવ્યા છે તો કાયદો-વ્યવસ્થા માટે પોલીસનો સઘન બંદોબસ્ત લગાવ્યો છે. આ ઉપરાંત સતત મોનીટરીંગ જિલ્લા કક્ષાએથી પણ થઈ રહ્યું છે.

**બેસણું**

અમારા પૂજ્ય પિતાશ્રી **ભવાનીશંકર પ્રાણશંકર ગોર (બાવાભાઈ)** (નિવૃત્ત સેકશન અધિકારી નાણા વિભાગ) તા.૩૦-૦૯-૨૦૧૪ મંગળવારના રોજ દેવલોક પામ્યા છે. **સદ્‌ગતનું બેસણું તા.૦૪-૧૦-૨૦૧૪ને શનિવારના રોજ સવારે ૮:૦૦ થી ૧૧:૦૦ દરમ્યાન** રાખેલ છે.

**સ્થળ : સૌરાષ્ટ્ર લેઉઆ પટેલ સમાજ, સેક્ટર-૭, ગાંધીનગર.**

**શ્રી અશ્વિનભાઈ ગોર** (GMERS મે.કો. ગાંધીનગર)
**શ્રી નરેન્દ્રભાઈ ગોર** (સેકશન અધિકારી ન.જ.સ. પા.પુ અને ક.વિભાગ)
**શ્રી ભરતભાઈ ગોર** (નાયબ મામલતદાર, કલે.કચેરી, ગાંધીનગર)
**શ્રી યજ્ઞેશભાઈ ગોર** (GSECL,TPS ગાંધીનગર)
**શ્રી નિરંજનભાઈ ગોર** (નાયબ મામલતદાર, કલે.કચેરી, ગાંધીનગર)
**ડો. અરૂણભાઈ ગોર** (શ્રીજી આઈ.હોસ્પિટલ, ગાંધીધામ)



Y.A. MANSURI - M. : 9824049503
SANJAY S. SHAH
P. Manubhai Medical
Since 1986
अभय
FEEL FREE, BE FEARLESS
• Corporate Gathering • Exhibitions • Celebrations • Marriage • Reception • Parties • Seminars
GOVT. APPROVED CONTRACTOR
ISO 9001:2008
ABHAY DECORATORS
CORRESPONDENCE OFFICE
Plot No. E-192, 193, 194, B/h. Videocon Factory, Electronics Estate, GIDC, Sector-26, Gandhinagar. Ph. : 079-232 87368, Fax : 079-232 87292
REGD. OFFICE : B-203, Aman Flats, Opp. B.J.P. Office, J.P. Chowk, Khanpur, Ahmedabad. Ph. : 079-25503943
email : info@abhaydecorators.com, www.abhaydecorators.com





વિજયાદશમીનું પર્વ આમ તો અનેકવિધ દષ્ટિએ મહત્વનું લેખવામાં આવ્યું છે. આસુરી શક્તિઓના નાશ સાથે સત્યનો વિજય એ સામાન્ય લોકવાયકાની વાત સૌ જાણે છે. આ દિવસે ભગવાન રામે રાવણનો પરાજય કર્યો હતો. દસ માથા ધરાવતા રાવણ સામે ભગવાન રામનો વિજય એ સત્વનો વિજય હતો અને એટલે જ આપણી આરતીમાં પણ આપણે વિજયગાન કરતાં ગાઈએ છીએ 'દસમે દસ અવતાર જય વિજયાદશમી...' ખેર આ દિવસથી શ્રાદ્ધ પક્ષ પણ સારા કાર્યોનો આરંભ થયો હોય છે એ પણ પરંપરા છે. વાહનની પૂજા પણ આપણે કરીએ છીએ તો શસ્ત્રપૂજા પણ કરીએ છીએ. ગાંધીનગરમાં પણ બંધ થઈ ગયેલ રાવણદહનના આજે બે કાર્યક્રમો યોજાયા હતા. એક સેકટર-૨૪ અને બીજો સે. ૭ માં. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં નગરજનો જોડાયા હતા અને સત્વના વિજયના વધામણા કર્યા હતા. (તસવીર : દિપક જાની, કશ્યપ નિમાવત)


**સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ રાજકોટ સંચાલિત**

**ગાંધી જયંતિ નિમિત્તે ખાદીમાં વિશેષ વળતર**

| | |
|---|---|
| ગુજરાત ખાદી | ૨૫ % વળતર |
| ગુજરાત ખાદી તૈયાર કપડાં | ૨૫ % વળતર |
| પરપ્રાંત ખાદી | ૧૫ % વળતર |
| પરપ્રાંત ખાદી તૈયાર કપડાં | ૧૫ % વળતર |
| રેશમ ખાદી | ૧૫ % વળતર |

વ્હાઈટ મેટલ મૂર્તિઓ, ઓક્સોડાઈઝ બેંગલ બોક્ષ, બાજઠ, ચંપલો, ગ્રામોદ્યોગના સાબુ, તલ તેલ, અનાજ, કઠોળ તેમજ ઘઉં, બાજરી, મઠ, અડદનો લોટ અને સરકારશ્રી દ્વારા માન્ય સ્ટીલ તેમજ વુડન ફર્નિચર ખરીદવાનું સ્થળ



**ખાદી ગ્રામોદ્યોગ ભવન**
સેક્ટર-૧૬, ગાંધીનગર, ફોન નં. ૨૩૨૨૨૩૩૩

**ખાદી ગ્રામોદ્યોગ ભવન**
સ્વામી વિવેકાનંદ બજાર, કિર્તિધામ સામે, વાવોલ

**ગૃહ વસ્તુ ભંડાર**
સેક્ટર-૧૬, ગાંધીનગર. ફોન નં. ૨૩૨૨૨૭૬૧

સમય : ૧૦-૩૦ થી ૭-૩૦ ● રીશેષ : ૨-૩૦ થી ૩-૩૦

નોંધ : ત્રણે કેન્દ્રો તા.૧/૧૦/૨૦૧૪ થી ૨૩/૧૦/૨૦૧૪ સુધી વેચાણ ચાલુ રહેશે.


# સે-૭માં બંધ મકાનમાં અચાનક આગ

**ડાઈનીંગ ટેબલ સહિત ફર્નિચર બળીને ખાખ : ફાયર બ્રિગેડે સમયસર આગને કાબુમાં લઈ લીધી**

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર શહેરના સેકટર-૭-ડીમાં આજે બપોરના અરસામાં અચાનક એક બંધ મકાનમાં આગ ભભુકી ઉઠતા આસપાસના રહીશોના જીવ તાળવે ચોંટી ગયા હતાં. ગાંધીનગર ફાયરબ્રિગેડને કોલ મળતા કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો અને પાણીનો મારો ચલાવીને આગને સમયસર કાબુમાં લઈ લીધી હતી. સદભાગ્યે કોઈ જાનહાનિ કે મોટી માનહાનિ થવા પામી નથી.

ગાંધીનગરના સેકટર-૭-ડી ખાતે સ્થિત પ્લોટ નં. ૧૨૮૯/૨માં રહેતા અમદાવાદનાં બિલ્ડર અલ્પીતભાઈ અમૃતભાઈ પ્રજાપતિનું મકાન બંધ હતું. પરિવારજનો બહાર હતાં. દરમિયાન આજે બપોરના અરસામાં અચાનક ડ્રોઈંગ રુમમાં મુકેલા ડાઈનીંગ ટેબલ

● અનુસંધાન પાન-૭ પર

# કોલવડામાં રાત્રે જૂથ અથડામણ

**પોલીસ પર પથ્થરમારો : ધાર્મિક કાર્યક્રમમાં બે જુથો વચ્ચે થયેલી બબાલમાં વ્યવસ્થા જાળવવા વચ્ચે પડેલી પોલીસ પર હુમલો : ચાર પોલીસ ઘાયલ : પીસીઆર વાનના કાચ તોડયા**

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર નજીક કોલવડા ગામમાં ગઈ કાલે રાત્રે એક ધાર્મિક કાર્યક્રમમાં બે જુથો વચ્ચે અંદરોઅંદર માથાકુટ થતા વ્યવસ્થા જાળવવા પેથાપુર પોલીસ વચ્ચે પડી હતી. વચ્ચે પડેલી પોલીસ પર પથ્થરમારો કરી ચાર જવાનોને ટોળાએ ઘાયલ કર્યો છે અને પીસીઆર વાનના કાચ તોડી નાંખ્યા છે. પેથાપુર પોલીસે ટોળા સામે રાયોટીંગનો ગુનો નોંધી તપાસ શરુ કરી છે.

કોલવડા ગામમાં સ્થિત લાલઘર માતાજીનાં મંદિરે માતાજીની સગડી ફોડવાના ધાર્મિક કાર્યક્રમ બાદ ઠીકરા લેવાની બાબતે ગઈ રાત્રે બે જુથો સામ સામે આવી ગયા હતાં. કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવા વચ્ચે પડેલી પેથાપુર પોલીસ પર ટોળાએ

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com